ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૫/૧૧/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

..............................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ 'સુપર મુન'ના કાર્યક્રમમાં

## ભાવેણું બન્યુ ખગોળમય.

ટેલિસ્કોપ દ્વારા સુપરમુનને ૩૫૦૦થી વધારે લોકોએ નિહાળ્યો.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા બ્રહ્માંડમાં થતી અવનવી ઘટનાઓને લોકો સુધી પહોંચાડવાંના હેતુંથી છેલ્લા ૧૫ વર્ષથી પ્રયાસો કરવામાં આવી રહયા છે. જેનો ઉદ્દેશ ખગોળ સાથે જોડાયેલી પારંપરીક બાબતો જેને આપણે અંધશ્રધ્ધામાં ખપાવી દીધી છે, આ બાબતો પાછળ રહેલા વૈજ્ઞાનિક તથ્યને જન સમુદાય સુધી પહોચાડવાનો છે. ૨૧મી સદીમાં બનતી આવી ખગોળીય ઘટનાઓને માનવી આધુનીક તકનીકોથી સજ્જ મશીનો દ્વારા સતત સમજવા પ્રયત્નશીલ રહ્યો છે, છતા પણ આ બ્રહ્માંડના કોયડાઓનો ભાગ્યે જ ઉકેલ મળે છે. આવી ઘટનાઓ અનેક કુતુહલ પેદા કરે છે.

આવીજ એક અવિસ્મર્ણીય ખગોળીય ઘટના તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ બની હતી. આ ઘટનામાં ચંદ્ર તેના વાસ્તવિક કદ કરતા વધારે મોટો અને ચમકતો જોવા મળેલ. પૃથ્વીની પ્રદક્ષિણા દરમ્યાન જયારે ચંદ્ર પૃથ્વીની નજીક આવે છે ત્યારે આવી ઘટના સર્જાતી હોય છે. આ કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે ચંદ્ર દરરોજ કરતા અંદાજે ૧૪ ટકા મોટો અને ૩૦ ટકા વધારે ચમકતો જોવા મળેલ. કારતક પૂર્ણિમાના દિવસે શરદ પૂર્ણિમાંના ચંદ્રને ઝાંખો પાડે તેવો પ્રકાશિત ચંદ્ર લોકોએ કુતુહલતાથી નિહાળ્યો. તમામ ઘટનાની ઉંડાણ પુર્વકની માહિતી ઓડીયો વિઝયુલ દ્વારા પ્રો. સુભાષભાઈ મહેતાએ આપી હતી.

આ સુપરમુનનો અદભૂત નજારો નિહાળવા માટેની વ્યવસ્થા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ (BAC) દ્વારા ત્રણ ટેલિસ્કોપની મદદથી તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૬ સાંજે ૬:૩૦ કલાક થી ૧૧:૩૦ કલાક સુધી તખ્તેશ્વર મંદિર ખાતે કરવામાં આવી હતી. કુલ મળીને ૩૫૦૦થી વધારે લોકોએ આ અવિસ્મર્ણીય ખગોળીય ઘટનાને નિહાળી હતી.

Joshi
(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.